# કાળઝાળ ગરમીથી ખેડબ્રહ્મા તાલુકાના રહીશો ત્રાહિમામ


ખેડબ્રહ્મા, તા. ૧૮

ખેડબ્રહ્મા તાલુકામાં ગરમીનો અહેસાસ છેલ્લા ત્રણ-ચાર દિવસથી વધુ પડતો જણાય છે. ગરમીના લીધે બજારમાં ગ્રાહકોની ભીડ ઓછી થતા ગ્રાહકોએ ખરીદી કરવાનું ટાળતાં બજારો સુમસામ ભાસી રહ્યા છે અને બજારોમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે. કાળઝાળ ગરમીના કાણે લોકો શેકાઈ રહ્યા છે. બપોરના સમયની ચામડી દઝાડે તેવી પડતી ગરમીના કારણે લોકો ઘર બહાર નિકળવાનું ટાળી રહ્યા છે.

ગરમીના માહોલમાં આઈસ્ક્રીમ, ઠંડાપીણા અને સોડા સરબતની લારીઓ બજારોમાં ફરતી થઈ છે અને સાંજથી મોડી રાત સુધી ઠંડકની મોજ માણવા લોકો આ લારીઓ પર જોવા મળી રહ્યા છે. આ અસહ્ય ગરમીમાં એરકુલર પણ કામ કરતા નથી અને પંખાઓ ગરમલાય પવન ફેંકી રહ્યા છે. કાળઝાળ ગરમીથી અંગારા જેવા બની ગયેલ ડામરના રોડથી વાહન તથા માણસોને ચાલવુ મુશ્કેલ થઈ ગયું છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં લગ્નની મોસમ ખીલી ઉઠી છે.

એક તરફ અસહ્ય ગરમીના કારણે લોકો શેકાઈ રહ્યા હોવા છતાં બીજી તરફ લગ્નમાં યોજાતા ભોજન સમારંભમાં રસપુરી અને મીઠાઈનો આનંદ પણ માણી રહ્યા છે.

શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી વધતી જતી ગરમીથી રસ્તાઓ સુમસામ ભાસે છે. તેમજ અસહ્ય ઉકળાટથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# ભિલોડા ડેપોથી નવીન એસ.ટી. બસો ચાલુ કરવા પ્રજાજનોની માંગ

ભિલોડા, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ડીવીઝન વિભાગના ભિલોડા એસ.ટી. ડેપો દ્વારા ભિલોડાથી અમરેલી રૂટની નવીન એસ.ટી. બસ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જ્યારે ભિલોડા એસ.ટી. ડેપો દ્વારા મુંબઈ, રમુંજા, બગદાણા, ઉદેપુર અને નવસારી રૂટની બસ સેવાનો શુભારંભ કરવામાં આવે તેવી ભિલોડાના પ્રજાજનોની પ્રબળ માંગણી ઉઠવા પામી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ભિલોડા એસ.ટી. ડેપો દ્વારા ભિલોડા, અમરેલી રૂટની નવીન બસ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ઘણા સમયથી ભિલોડાવાસીઓની માંગણી હતી તે સ્વીકારી લેવાઈ છે. વધુમાં અમરેલી રૂટની બસ વાયા સાળંગપુર હનુમાનજીના ધામમાં થઈને જશે. જેથી શ્રદ્ધાળુ ભાવિક ભક્તોમાં આનંદની લાગણી છવાઈ છે.

ભિલોડાથી મુંબઈ એસ.ટી. વોલ્વો, સ્લીપર કોચ, એ.સી. એસ.ટી. બસ સેવા ચાલુ કરવા લોકોએ માંગ કરી છે. કારણ કે ભિલોડાથી ડેઈલી પાંચ લકઝરી બસ સેવા ચાલે છે અને લકઝરીના માલિકો બેફામ ભાડા વસૂલે છે. જ્યારે અન્ય રૂટમાં ભિલોડાથી બગદાણા, ઉદેપુર, રણુંજાની બસ સેવાનો લાભ મળે તે માટે શ્રદ્ધાળુઓ વર્ષોથી રાહ જોઈને બેઠા છે. જ્યારે નવસારી રૂટની બસ સેવા વર્ષો પહેલા ચાલુ હતી. બાદમાં બંધ કરી દેવામાં આવતા મુસાફરો હેરાન-પરેશાન થઈ ગયા છે અનેક વખત રજૂઆત કરવા છતાં પણ તંત્ર દ્વારા આ રૂટોની બસ સેવાનો પ્રારંભ કરવામાં આવતો નથી. આ પાંચ રૂટોની નવીન બસ સેવા ચાલુ કરવા પ્રજાજનોની પ્રબળ માંગણી ઉઠવા પામી છે.

# મહેસાણા જિલ્લા માહિતી કચેરીની પ્રેસનોટ અને ફોટા ફેઈસ બુક પર

મહેસાણા, તા. ૧૮

માહિતી ખાતું ઈન્ટરનેટ અને વેબ-ટેકનોલોજીનો પણ ઉપયોગ કરે છે. માહિતી વિભાગની વેબસાઈટ www. gujarat information.net ઘણા સમયથી ઉપલબ્ધ છે. આ ઉપરાંત સૌશ્યિલ મિડીયા માટે ફેઈસબુક અને ટ્વીટરની લીન્ક પણ સાઈટ પર આપેલ છે.

માહિતી કચેરી મહેસાણા દ્વારા તૈયાર કરેલ ફેઈસ બુક એકાઉન્ટ information. mehsana @gmail.com (Ddi Mehsana) અને Ddi Mehsana પેજ પર ફ્રેન્ડરીક્વેસ્ટ મોકલી શકો છો. તેમજ .... પેજ પણ લાઈક કરી જિલ્લાના સમાચારોથી વાકેફ થઈ શકો છો.

આ ઉપરાંત ટ્વીટર માટે information. mehsana @infomehsana સોશ્યિલ મિડીયા માટે એકાઉન્ટ તૈયાર કરેલ છે. જેને પણ ફોલો કરી શકો છો.

આ એકાઉન્ટ પર રોજબરોજના સમાચાર તેમજ ફોટોગ્રાફસ માહિતી કચેરી મહેસાણા દ્વારા અપલોડ કરવામાં આવે છે. જેથી આપશ્રી પણ ફેઈસબુક તેમજ ટ્વીટરની મુલાકાત લઈ તેને ફોલો કરી જિલ્લાના સમાચારો તેમજ સરકારશ્રીની વિવિધ યોજનાઓથી અવગત રહી શકો છો.

સોશ્યલ મિડીયા થકી જિલ્લાના સમાચારોથી અવગત કરવાનો અનેરો પ્રયાસ માહિતી કચેરી દ્વારા થયો છે.

# સાબરકાંઠા જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મળી

હિંમતનગર, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લા સંકલન સમિતિની બેઠક આજે જિલ્લા વિકાસ અધિકારીશ્રી નાગરાજનના અધ્યક્ષ પદે યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા સાંસદ શ્રી ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ તથા ભિલોડાના ધારાસભ્યશ્રી ડૉ. અનિલભાઈ જોષીયારા અને મોડાસાના ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોરે પીવા, રસ્તા અને શિક્ષણને લગતા બાકી કામો અને અગાઉના વર્ષના પડતર પ્રશ્નો રજુ કર્યા હતા. જે સત્વરે ઉકેલી પ્રજાને પડતી હાલાકી દૂર કરવા જિલ્લા વિકાસ અધિકારીશ્રીનું ધ્યાન દોર્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જણાવ્યું હતું કે, જિલ્લાના અધિકારીઓને લોકોને પડતી મુશ્કેલીઓને લગતા પ્રશ્નોનો સત્વરે નિરાકરણ આવે તે દિશામાં સક્રિય કામગીરી હાથ ધરીને લોકોમાં પણ જાગૃતિ લાવવા અનુરોધ કર્યો હતો.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જણાવ્યું હતું કે, જિલ્લાના અધિકારીઓને લોકોને પડતી મુશ્કેલીઓને લગતા પ્રશ્નોનો સત્વરે નિરાકરણ આવે તે દિશામાં સક્રિય કામગીરી હાથ ધરીને લોકોમાં પણ જાગૃતિ લાવવા અનુરોધ કર્યો હતો.

વધુમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આગામી સમયમાં વન મહોત્સવની ઉજવણી થનાર હોઈ એ દરમિયાન સાબરકાંઠા જિલ્લાને હરીયાળો બનાવવાનું અભિયાન હાથ ધરવામાં આવશે. જેમાં એક કરોડ રોપાઓનું વાવેતર કરવામાં આવશે. જેમાં તમામ વિભાગના અધિકારીઓને સહયોગ પુરો પાડવા અનુરોધ કર્યો હતો. શ્રી નાગરાજને આગામી સમયમાં યોજાનાર ગરીબ કલ્યાણ મેળા યોજાનાર હોઈ તમામ સંલગ્ન વિભાગના અધિકારીઓને લાભાર્થીઓની યાદી તૈયાર કરવા જણાવ્યું હતું જેથી વધુમાં વધુ લોકો ગરીબ કલ્યાણ મેળાનો લાભ લઈ શકે તેમ જણાવ્યું હતું. અધિક કલેક્ટર શ્રી બારહટ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક સુશ્રી ભાર્ગવીબેન દવે સહિત અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉંદરા ગામે મકાનમાંથી ૮૦ હજારની ચોરી

## તસ્કરો સોના-ચાંદીના દાગીના અને રોકડ લઈ પલાયન

પાટણ, તા. ૧૮

પાટણ તાલુકાના ઉંદરા ગામના ખેડૂતના કેતરમાં આવેલ મકાન પર ગતરાત્રીએ તસ્કર ટોળકી ત્રાટકી હતી. તસ્કરોએ મકાનમાંથી સોના-ચાંદીના દાગીના સહિત રોકડ રકમ મળી કુલ રૂ. ૮૦ હજારથી વધુના મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ બનાવ અંગે ખેડૂતે વાગડોદ પોલીસમથકે ફરિયાદ નોંધાવી છે. જેના આધારે પોલીસે તસ્કરોને શોધવા તજવીજ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ પાટણના ઉંદરા ગામના રહિશ ચંદનસિંહ વરસંગજી ઠાકોર પોતાના પરિવાર સાથે તેમના ખેતમાં બનાવેલ મકાનમાં રહે છે. ગતરાત્રીએ ચંદનસિંહ ગામમાં પોતાના પાર્લર પર સુઈ ગયા હતા. જ્યારે પત્ની અને બાળકો ખેતરમાં આવેલ તેમના મકાનમાં સુતા હતા. તે દરમિયાન રાત્રીના સમયે તસ્કરોએ તેમના મકાનને નિશાન બનાવ્યું હતું.

તસ્કરોએ ઘરમાં પ્રવેસી અંદર રહેલી પેટી તોડીને તેમાં રહેલા ચાંદીના દાગીનામાં સાંકળા, કાંબીયુ, માઠીયું, ઝુડો, મંગળસુત્ર અને સોનાનું કડુ તેમજ ૨૦૦૦ રોકડ મળી કુલ રૂ. ૮૦,૦૦૦થી વધુ મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. સવારે ખેડૂત પરિવારને ઘરમાં ચોરી થયાની જાણ થતાં તેમના માથે આભ તુટી પડ્યું હતું. બનાવ અંગે ચંદનસિંહે વાગડોદ પોલીસમથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તસ્કરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ધનસુરા શહેરના અગ્રણી વેપારીનું અકસ્માતે મોત : બજાર બંધ રહ્યા

ધનસુરા, તા. ૧૮

ધનસુરા શહેરમાં અવાર-નવાર બનતા અકસ્માતોમાં કેટલાક લોકો પોતાનો જીવ ગુમાવે છે તેવામાં ગતરોજ ધનસુરા શહેરના અગ્રણી વેપારી એવા પ્રવિણચંદ્ર મોહનલાલ શાહને અજાણ્યા બાઈકચાલકે ટક્કર મારતા મૃત્યુ નિપજ્યું છે. આ અંગે પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

ધનસુરા શહેરના અગ્રણી વેપારી પ્રવિણચંદ્ર મોહનલાલ શાહ જેવો શૈલેષ કિરણા સ્ટોલના માલિક છે અને ગઈકાલે રાત્રે બુટાલ રોડ ઉપર ચાલતા જઈ રહ્યા હતા ત્યારે એક અજાણ્યા બાઈકચાલકે રોડ ઉપર જોરદાર ટક્કર દ્વારા ગંભીર રીતે ઘાયલ થતાં તાત્કાલિક ૧૦૮ દ્વારા ધનસુરા રેફરલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા અને પોલીસને જાણ કરતાં પંચનામું કરી મૃતદહેને પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો. આ અંગે સમગ્ર ધનસુરાના વૈષ્ણવ સમાજમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ જવા પામી હતી. મૃતકના નાનાભાઈ બિહારીભાઈ શાહની ફરીયાદના આધારે બાઈકચાલક વિરુદ્ધ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. સ્વર્ગસ્થના માનમાં સમગ્ર કરિયાણાના વેપારીઓએ બજાર બંધ રાખ્યું હતું.

# આજે સાબરકાંઠા જિલ્લામાં ૧૨ ગામોમાં કૃષિ મહોત્સવ યોજાશે


હિંમતનગર, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લામાં તા. ૧૯-૫-૧૩ના રોજ ૧૬ ગામોમાં કૃષિરથ પરીભ્રમણ કરશે. જેમાં હિંમતનગર તાલુકાના વાવડી, માથાસુરીયા, શ્રવણા, સુરજપુરા, (લાલપુર(વા), માનપુર, ઈલોલ, ધનસુરામાં બુટાલ, હિરાપુર, પાંચ કુહાડા, ખેડબ્રહ્મામાં દિગ્થલી, હિંગઠીયા (અ), હિંગાઠીયા(ખા), પાંચમહુડા, પ્રાંતિજમાં અંબાવાડા, તખતગઢ, વાઘરોટા, હડમતીયા, વજાપુર, વડાલીમાં જુનાચામું નવા ચામું, સવાસલા, કોઠણ, ચુલ્લા, માલપુરમાં સખવાણીયા, મવેરીયા, હાથીખાંટના મુવાડા, પટેલીયાના મુવાડા, ભેમપાડા, જાલમ ખંટના મુવાડા, મેઘરજમાં કાલીયાકુવા, તુંબડીયા, રાયાવાડા, વાઘાપુરા, કચડા, સારંગપુર, બાયડમાં ડેમાઈ, તલોદમાં ખેરોલ, કરમીપુરા, બોરિયાબેચરાજી, મહેકાલ, ઠાકુનીમુવાડી, નાગનોમઠ, જશાજીના મુવાડી, કલ્યાણપુરા, ખેરોલ કંપા, વિજયનગરમાં ચિઠોડા, બોગાપાડા, ભગોરાપાડા, દંતોડ, જુસાવાડા, બીલડીયા, મોડાસામાં સાયરા, હફસાબાદ, ગાજણ ગામે કૃષી મહોત્સવ યોજાશે.

# ધંધાસણ ગામેથી સગીરાનું અપહરણ થતા ફરિયાદ

હિંમતનગર, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના ધંધાસણ ગામેથી ગુરુવારે વહેલી સવારે ગામના યુવાને ગામની જ સગીરાનું અપહરણ કરી લઈ જતા શામળાજી પોલીસમથકે સગીરાની માતાએ ગુરૂવારે સાંજે ફરિયાદ નોંધાવી હતી. ભિલોડાના ધંધાસણ ગામે રહેતા આશિષકુમાર પ્રકાશભાઈ ખેરાએ ગામમાં રહેતા મંગુબેન ચંદુભાઈ ગડસાની ૧૫ વર્ષ ૪ અને અને મહિનાની સગીર વયની દીકરીને ગુરૂવારે સવારે ૪ વાગે લગ્ન કરવાના ઈરાદે લલચાવી ફોસલાવી અપહરણ કરી લઈ નાસી ગયેલ આ અંગે આશિષકુમારના પિતા પ્રકાશભાઈ ધુળાભાઈ ખેરાએ સગીર દીકરીની માતાને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા શામળાજી પોલીસમથકે ગુરૂવારે સાંજે આશિષકુમાર પ્રકાશભાઈ ખેરા અને પ્રકાશભાઈ ધુળાભાઈ ખેરા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.



**ખેડબ્રહ્મા ખાતે વાઘેલા-દરજી સમાજનો ૧૩મો સમૂહલગ્ન યોજાયો**

ખેડબ્રહ્મા ખાતે ૧૮મેના રોજડ વડાલી ખાતે વાઘેલા દરજી સમાજનો ૧૩મો સમૂહલગ્ન સમારંભ પીપજીનગર ઉન્ડવા ખાતે યોજાતો હતો. આ સમૂહલગ્નમાં ૩૪ યુગલોએ પ્રભુતાનાં પગલાં પાડ્યા હતા. આ સમારંભના અધ્યક્ષ તરીકે જયંતિભાઈ ડાહ્યાભાઈ દરજી, ડોભાડા ઉપસ્થિત રહ્યા હતા. સમૂહલગ્નમાં જોડાયેલ યુગલોને સમાજના દાતાઓ તરફથી પાનેતર, ચાંદીની ગાય, ડીનરસેટ, સહિત ૩૦ જેટલી વસ્તુઓ કન્યાદાનમાં આપવામાં આવી હતી. સમૂહલગ્નના ભોજન, પાનેતર, છાશ સહીતનાં દાતા તરીકે ડોભાડા ગામના દરજી ભાઈઓએ સેવા આપી હતી. સમૂહલગ્ન સમારંભનું આયોજન વડાલી વાઘેલા દરજી સમાજ તથા સમૂહલગ્ન આયોજન સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના પ્રમુખ ચંદુભાઈ માણેકલાલ પરમાર સહિત સમાજનો લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

### તલોદ

| | | |
|---|---|---|
| મકાઈ | ૨૪૦ | ૨૭૪ |
| એરંડા | ૬૬૦ | ૬૭૪ |
| ઘઉં | ૨૯૫ | ૩૮૫ |
| બાજરી | ૨૬૭ | ૩૧૦ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૫૩૩ |
| ગવાર | ૧૬૮૭ | ૧૮૬૮ |

### સલાલ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૪૦ | ૬૫૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૦ |
| બાજરી | ૨૫૦ | ૨૬૦ |
| ડાંગર નવા | ૩૨૦ | ૩૩૦ |
| ડાંગર ગુંજ | ૩૨૦ | ૩૫૦ |

### પ્રાંતિજ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૪૦ | ૬૬૫ |
| ઘઉં | ૨૯૦ | ૩૩૦ |
| બાજરી | ૨૫૦ | ૨૮૦ |
| ડાંગર ગુજ | ૩૨૦ | ૩૫૦ |
| ડાંગર જયા | ૩૨૦ | ૩૩૧ |

### ધનસુરા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૭૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૭૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૭૦ |
| બાજરી | ૨૪૦ | ૨૬૦ |

### ખેડબ્રહ્મા/વડાલી

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન૨૯૭૩૧૦ | | |
| ઘઉં ૪૯૬ | ૩૨૦ | ૩૬૦ |
| મકાઈ | ૨૪૦ | ૨૪૫ |
| એરંડા | ૬૫૫ | ૬૬૫ |
| મગ | ૧૦૫૫ | ૧૦૯૧ |

### મોડાસા

| | | |
|---|---|---|
| રાયડો | ૫૫૫ | ૫૯૦ |
| એરંડા | ૬૫૦ | ૬૭૬ |
| બાજરી | ૨૪૫ | ૩૦૫ |
| મકાઈ | ૨૪૦ | ૩૦૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૭૬ |
| ગવાર | ૧૭૦૦ | ૧૭૬૬ |
| વરીયાળી | ૯૧૫ | ૧૫૯૦ |
| ચણા | ૬૨૫ | ૮૬૬ |

### ટીંટોઈ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૫૧ | ૬૬૦ |
| મકાઈ | ૨૪૫ | ૨૫૨ |
| ઘઉં | ૨૯૫ | ૩૬૫ |
| કપાસ | ૭૦૦ | ૭૯૧ |

### દહેગામ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૯૫ | ૩૦૫ |
| ઘઉં | ૨૯૦ | ૩૩૩ |
| ડાંગર | ૨૮૦ | ૨૮૩ |
| એરંડા | ૬૬૦ | ૬૬૮ |
| ગવાર | ૧૪૦૦ | ૧૬૫૫ |
| મકાઈ | ૨૪૦ | ૩૦૦ |
| તુવેર | ૫૩૦ | ૫૬૦ |

### રખિયાલ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૯૪ | ૩૦૪ |
| ઘઉં | ૨૮૫ | ૩૩૦ |
| ડાંગર | ૨૭૫ | ૨૮૦ |
| એરંડા | ૬૫૫ | ૬૬૫ |
| ગવાર | ૧૩૭૫ | ૧૬૨૫ |
| મકાઈ | ૨૩૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૦ | ૬૬૦ |
| જુવાર | ૨૪૦ | ૩૩૦ |
| રાયડો | ૫૨૦ | ૫૫૦ |

### હિંમતનગર

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૬ | ૬૭૭ |
| ઘઉં | ૩૦૫ | ૪૧૯ |
| બાજરી | ૨૭૫ | ૨૮૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૫૫ |
| ચણા | ૬૦૦ | ૬૪૦ |
| ગવાર | ૧૬૫૦ | ૧૭૧૬ |

### ઇડર

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૫ | ૪૦૨ |
| મકાઈ | ૨૩૫ | ૨૪૩ |
| એરંડા | ૬૬૦ | ૬૬૯ |
| બાજરી | ૨૬૦ | ૨૯૫ |
| રાયડો | ૫૫૦ | ૫૮૦ |
| મગફળી | ૭૦૦ | ૭૫૦ |
| કપાસ | ૭૫૦ | ૭૮૦ |
| તલ | ૧૮૨૫ | ૧૯૮૦ |
| ગવાર | ૧૬૫૦ | ૧૭૦૫ |
| તુવેર | ૬૦૫ | ૬૭૦ |
| સોયાબીન | ૬૫૦ | ૬૮૦ |
| અડદ | ૫૮૦ | ૬૦૦ |
| ચણા | ૬૦૦ | ૬૯૦ |
| જુવાર | ૩૫૦ | ૪૩૦ |
| જવ | ૨૫૦ | ૨૯૫ |
| મેથી | ૬૧૦ | ૬૬૦ |
| મગ | ૮૬૦ | ૯૬૦ |

### કડી

| | | |
|---|---|---|
| સવા | ૫૮૫ | ૬૩૧ |
| ઈસબગુલ | ૧૧૨૧ | ૧૧૩૨ |

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૬ | ૪૦૩ |
| ડાંગર | ૨૬૦ | ૩૮૦ |
| બાજરી | ૨૩૦ | ૩૦૩ |
| જવ | ૨૯૬ | - |
| ગવાર | ૧૭૪૦ | ૧૭૬૦ |
| એરંડા | ૬૬૦ | ૬૬૫ |
| રાયડો | ૫૪૫ | ૬૦૪ |
| જીરૂ | ૨૧૪૧ | ૨૪૦૦ |

### સિદ્ધપુર

| | | |
|---|---|---|
| મેથી | ૫૩૦ | - |
| રાજગરો | ૮૦૦ | ૯૦૦ |
| અસાળીયો | ૭૬૨ | - |
| વરીયાળી | ૪૫૨ | ૯૪૨ |
| જવ | ૨૬૫ | - |
| રાયડો | ૬૦૩ | ૬૭૩ |
| એરંડા | ૬૪૪ | ૬૭૦ |
| ગવાર | ૧૭૪૨ | ૧૭૬૮ |
| ઘઉં | ૨૯૬ | ૪૨૬ |
| બાજરી | ૨૮૯ | ૩૩૩ |
| સવા | ૬૦૨ | ૬૬૧ |

### વિસનગર

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૦ | ૪૬૭ |
| બાજરી | ૨૨૦ | ૩૨૬ |
| રાયડો | ૫૭૦ | ૬૪૬ |
| એરંડા | ૬૫૦ | ૬૭૯ |
| ચણા | ૬૫૦ | ૭૦૬ |
| કપાસ | ૪૫૦ | ૯૮૪ |
| જુવાર | ૩૦૦ | ૩૮૫ |
| તલ | ૧૮૦૦ | ૨૦૩૨ |
| જવ | ૨૫૦ | - |
| મેથી | ૫૧૧ | ૫૬૧ |
| ગવાર | ૧૭૧૦ | ૧૭૬૧ |

### મહેસાણા

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૪૫ | ૪૦૦ |
| જીરૂ | ૧૫૦૦ | ૨૩૪૦ |
| રાયડો | ૫૭૫ | ૬૫૬ |
| મેથી | ૫૩૫ | - |
| સવા | ૫૬૬ | ૬૯૬ |
| બાજરી | ૨૮૮ | - |
| એરંડા | ૬૫૦ | ૬૬૫ |
| અજમો | ૬૫૦ | ૧૩૫૦ |
| ગવા | ૧૭૩૦ | - |

### અંબાલીયાસણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૩ | ૩૩૫ |
| બાજરી | ૨૯૦ | ૨૯૪ |
| રાયડો | ૫૮૫ | ૬૧૦ |
| એરંડા | ૬૬૦ | ૬૬૭ |
| ગવાર | ૧૭૮૩ | ૧૭૮૪ |

### જોટાણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૩૮૫ |
| એરંડા | ૬૫૫ | ૬૫૯ |
| રાયડો | ૫૮૫ | ૬૦૬ |
| બાજરી | ૨૮૦ | - |
| જવ | ૨૬૦ | - |
| ગવાર | ૧૫૪૦ | - |

### હારીજ

| | | |
|---|---|---|
| મેથી | ૪૮૦ | ૫૨૭ |
| ઈસબગુલ | ૯૦૦ | ૧૨૭૫ |
| રાયડો | ૬૦૦ | ૬૪૦ |
| એરંડા | ૬૪૪ | ૬૬૩ |
| બાજરી | ૨૫૦ | ૨૭૨ |
| ઘઉં | ૨૯૫ | ૪૨૯ |
| ગવાર | ૧૬૯૫ | ૧૭૨૬ |
| મઠ | ૭૬૨ | - |
| ચણા | ૬૧૫ | ૬૪૨ |
| જીરૂ | ૨૨૫૦ | ૨૫૬૩ |
| કપાસ | ૭૦૦ | ૭૨૫ |
| સવા | ૫૫૦ | ૬૮૦ |
| બંટી | ૩૨૬ | - |

### બાયડ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૪૦ | ૬૬૫ |
| ઘઉં | ૨૯૦ | ૪૦૦ |
| બાજરી | ૨૪૦ | ૨૮૦ |
| મકાઈ | ૨૪૦ | ૨૯૦ |
| ગવાર | ૧૬૦૦ | ૧૭૫૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૩૫૦ |

### પાટણ

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૧૦૦ | ૨૪૨૦ |
| વરીયાળી | ૬૦૦ | ૧૩૦૦ |
| મેથી | ૪૫૧ | ૫૬૫ |
| રાયડો | ૫૭૦ | ૭૦૦ |
| એરંડા | ૬૪૧ | ૬૭૩ |
| સવા | ૨૯૪ | ૪૨૫ |
| બાજરી | ૩૦૦ | ૩૨૦ |

### ઉંઝા

| | | |
|---|---|---|
| અસાળીયો | ૭૦૦ | - |
| જીરૂ | ૨૦૦૦ | ૨૮૮૦ |
| વરીયાળી | ૭૨૫ | ૨૨૦૦ |
| ઈસબગુલ | ૧૧૪૦ | ૧૫૯૧ |
| સરસવ | ૬૦૦ | ૭૦૪ |
| રાયડો | ૫૦૦ | ૭૨૬ |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601